RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 8 * Issue No. 74* Date: 09.01.2022 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

**તમામ રાજ્યની ચૂંટણીના પરિણામો એક સાથે જ ૧૦ માર્ચના રોજ જાહેર કરવામાં આવશે.**

## ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં ૭ તબક્કામાં ચૂંટણી યોજાશેં



કેન્દ્રીય ચૂંટણી પંચે શનિવારે ૫ રાજ્યમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં ૭ તબક્કામાં ચૂંટણી યોજાશે. ચૂંટણીની શરૂઆત ૧૦ ફેબ્રુઆરીના રોજ ઉત્તરપ્રદેશથી થશે. તમામ રાજ્યની ચૂંટણીના પરિણામો એક સાથે જ ૧૦ માર્ચના રોજ જાહેર કરવામાં આવશે.ચૂંટણી પંચે કહ્યું કે કોરોનાની સ્થિતિ વચ્ચે ૫ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવશે. ૧૫ જાન્યુઆરી સુધી કોઈ પણને રોડ શો, રેલી, પદયાત્રા, સાયકલ અને સ્કૂટલ રેલી માટે મંજૂરી આપવામાં આવશે નહીં. વર્ચ્યુઅલ રેલી મારફતે જ ચૂંટણી પ્રચાર કરવાની મંજૂરી આપવામાં આવશે. જીત બાદ પણ વિજય જુલૂસ કાઢી શકાશે નહીં.એક મહત્વપૂર્ણ જાહેરાતમાં ચૂંટણી પંચે કહ્યું છે કે મતદાનનો સમય એક કલાક વધારવામાં આવ્યો છે. આ કોરોનાના કારણે કરવામાં આવ્યું છે. જાહેરનામું બહાર પાડતી વખતે ચૂંટણીનો સમય જાહેર કરવામાં આવશે.સુશીલ ચંદ્રાએ કહ્યું છે કે આદર્શ આચાર સંહિતા લાગુ થઈ ગઈ છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, પ્રથમ વખત મતદાન કરનારાઓ માટે મતદાર માર્ગદર્શિકા પણ ઉપલબ્ધ રહેશે. આયોગ તેમને વ્યક્તિગત રીતે એક પત્ર પણ આપશે. ઓછા મતદાન ટકાવારીવાળા બૂથ પર સ્વીપ પ્રવૃત્તિઓ દ્વારા તેમાં વધારો કરવામાં આવશે. ચૂંટણી પંચે કહ્યું છે કે ૬૦ થી ૭૦ ટકા સંતોષકારક નથી. કમિશનનું લક્ષ્ય ૯૦ ટકાથી વધુ કરવાનું છે

મુખ્ય ચૂટણી કમિશ્નર સુશીલ ચંદ્રાએ કહ્યું કે દેશમાં ૫ રાજ્યોની ૬૯૦ વિધાનસભા માટે ચૂંટણી યોજવામાં આવશે. ૧૮.૩૪ કરોડ મતદાતા ચૂંટણીમાં ભાગ લેશે. કોરોના વચ્ચે ચૂંટણી યોજવા માટે નવા પ્રોટોકોલ લાગૂ કરવામાં આવશે. તમામ ચૂંટણી કર્મચારીઓને કોરોના વેક્સિનનો બન્ને લગાવવામાં આવે તે સુનિશ્ચિત કરાશે. જેમણે પણ જરૂર પડશે તેમણે ડોઝ આપવામાં આવશે.

૫ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની શિડ્યુલ

પહેલો તબક્કો- ૧૦ ફેબ્રુઆરી

ઉત્તર પ્રદેશ

બીજો તબક્કો- ૧૪ ફેબ્રુઆરી

ઉત્તરપ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા

ત્રીજો તબક્કો- ૨૦ ફેબ્રુઆરી

ઉત્તરપ્રદેશ

પાંચમો તબક્કો- ૨૭ ફેબ્રુઆરી

ઉત્તરપ્રદેશ, મણિપુર

છઠ્ઠો તબક્કો- ૩ માર્ચ

ઉત્તરપ્રદેશ, મણિપુર

સાતમો તબક્કો- ૭ માર્ચ

ઉત્તરપ્રદેશ

પરિણામ- ૧૦ માર્ચ

૫ રાજ્યની વિધાનસભા ચૂંટણીનો શેડ્યૂલ

પંજાબ-ઉત્તારાખંડ અને ગોવામાં ૧૪ ફેબ્રુઆરીએ મતદાન

મણિપુરમાં ૨૭ ફેબ્રુઆરી અને ૩ માર્ચે

ઉત્તરપ્રદેશમાં ૨૦ ફેબ્રુઆરી ત્રીજા તબક્કાનું મતદાન

૭ માર્ચે છેલ્લાં અને સાતમાં તબક્કાનું મતદાન

૧૦ માર્ચે પરિણામ

૧૦ ફેબ્રુઆરીએ ઉત્તરપ્રદેશમાં પહેલાં તબક્કાનું મતદાન

૧૪ ફેબ્રુઆરીએ યુપીમાં બીજા તબકકાનું મતદાન

ઈલેક્શન કમિશને શુક્રવારે જ કેમ્પેનિંગ માટે ઉમેદવારના ખર્ચની મર્યાદા વધારી દીધી હતી. હવે લોકસભા ચૂંટણી દરમિયાન ઉમેદવાર પોતાના પાર્લમેન્ટરી વિસ્તારમાં વર્ષ ૨૦૧૪માં નક્કી કરવામાં આવેલા ૭૦ લાખ રૂપિયાની જગ્યાએ ૯૫ લાખ રૂપિયા અને ૫૪ લાખ રૂપિયાની જગ્યાએ ૭૫ લાખ રૂપિયા ખર્ચ કરી શકશે.આ રીતે વિધાનસભા ચૂંટણી દરમિયાન ૨૮ લાખ રૂપિયાની જગ્યાએ ૪૦ લાખ રૂપિયા અને ૨૦ લાખ રૂપિયાની જગ્યાએ ૨૮ લાખ રૂપિયાનો ખર્ચ કરી શકશે. કમિશને આ ખર્ચની સીમા એની એક કમિટીએ કરેલી ભલામણના આધારે વધારી છે.

## દેશના માત્ર ૫ રાજ્યમાં જ કોરોનાના અધધ કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૦૮

ભારતમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનની એન્ટ્રી ૨૭ રાજ્યમાં થઈ ચૂકી છે. ઓમિક્રોનના જોખમને લઈ કેન્દ્ર સરકારે રાજ્યોને ત્વરિત ઉપાય કરવા માટે કહ્યું છે. અલગ અલગ રાજ્યની સરકારોએ કોરોના મહામારીના પ્રકોપથી બચવા માટે રાત્રિ કર્ફ્યૂ, વીકેન્ડ કર્ફ્યૂ લાગુ કર્યા છે અને જરૂર વગર ઘરની બહાર ન નીકળવા માટે પણ અપીલ કરી છે.દેશમાં કોરોનાના વધતા કેસોની વચ્ચે ઓમિક્રોનના કેસમાં પણ થોડો વધારો થયો છે.

સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરેલા આંકડા મુજબ ૨૭ રાજ્યમાં ઓમિક્રોનના ૩,૦૭૧ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૧,૨૦૩ દર્દી ઓમિક્રોનથી સાજા થયા છે.દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં પણ કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. દેશમાં ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૧,૪૧,૯૮૬ નવા કેસ સામે આવ્યા છે અને ૨૮૫ લોકોના મોત થયા છે. ચિંતાજનક બાબત એ છે કે માત્ર ૫ રાજ્યમાં જ કોરોનાના કેસ ૧ લાખની નજીક પહોંચી ગયા છે. સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં ૪૦,૯૨૫ કેસ, પશ્ચિમ બંગાળમાં ૧૮,૨૧૩ કેસ, દિલ્હીમાં ૧૭,૩૩૫ કેસ, તમિલનાડુમાં ૮,૯૮૧ કેસ અને કર્ણાટકમાં ૮,૪૪૯ કેસ સામે આવ્યા છે. હવે દેશમાં સંક્રમણના કુલ કેસની સંખ્યા વધીને ૩,૫૩,૬૮,૩૭૨ થઈ ગઈ છે. એક અઠવાડિયા પહેલા જે ૨૨,૦૦૦ની આસપાસ હતી, તે માત્ર એક અઠવાડિયામાં ૬ ગણી વધીને ૧.૫૦ લાખની નજીક પહોંચી ગયા છે. દેશમાં કોરોનાના વધતા કેસની વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૪૦,૮૯૫ દર્દી સાજા થયા છે. જેનાથી દેશમાં રિક્વર થયેલા દર્દીઓની સંખ્યા ૩,૪૪,૧૨,૭૪૦ થઈ ગઈ છે. ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા ૪,૭૨,૧૬૯ છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસમાં ૧,૦૦,૮૦૬નો વધારો થયો છે.

## કોરોનાના કેસ વધતાં ફલાઈટમાં મુસાફરોનું પ્રમાણ ૩૦ ટકા સુધી ઘટયું

નવીદિલ્હી,તા.૮

કોરોનાના કેસોનો વિસ્ફોટ થતા દેશમાં ચારેકોર ચિંતાનો માહોલ છે ત્યારે તેની સીધી અસર ડોમેસ્ટિક ફ્લાઈટોના મુસાફરો પર જોવા મળી રહી છે. અમદાવાદના ડોમેસ્ટિક એરપોર્ટ સૌથી વ્યસ્તરૂટમાં ઓપરેટ થતી ફ્લાઈટોમાં ૩૦ ટકા મુસાફરોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. મુસાફરોની ઘટી રહેલી સંખ્યાને પગલે એરલાઇન કંપનીઓ એકબીજા સેક્ટરની ફ્લાઈટો મર્જ કરી ઓપરેટ કરવાનું પણ નક્કી કર્યુ છે. અમદાવાદ એરપોર્ટ પરથી પ્રતિદિન ૧૫૦થી વધુ ફ્લાઈટોમાં ૧૮ હજાર પ્રવાસીઓનો ફૂટફોલ છે. આ સંખ્યામાં દિનપ્રતિદીન વધી રહ્યો હતો ત્યાં જ કોરોનાની સંભવિત ત્રીજી લહરે વચ્ચે અમદાવાદથી ઓપરેટ થતી ફલાઈટોમાં કેન્સલનું પ્રમાણ વધી રહ્યુ છે. આજે ગો એરની મુંબઇ, દિલ્હી અને ગોવાની ફ્લાઇટ રદ કરવામાં આવી હતી, જ્યારે ઈન્ડિગોની રાત્રે લખનૌની ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. આ તમામ મુસાફરોને ફ્લાઇટ શેડયુલ ચેન્જનો મેસેજ પણ આવી ગયો હતો. તમામને સવારની લખનૌની ફ્લાઈટમાં મર્જ કરવામાં આવ્યા હતા. જ્યારે સ્પાઇસજેટની ગ્વાલિયરની ફ્લાઇટ પણ ખરાબ વાતાવરણના પગલે કેન્સલ કરવામાં આવી હતી.

અમદાવાદના ડોમેસ્ટિક એરપોર્ટ પર આજે દિવસ દરમિયાન આઠ જેટલી ફ્લાઈટો રદ થતા મુસાફરો રીતસરના અટવાઇ પડયા હતા. ભોપાલ અને ઇન્દોરમાં ખરાબ વાતાવરણના કારણે વિઝિબિલિટિ ડાઉન થઇ જતા ઈન્ડિગોની આ બંને ફ્લાઇટ રદ કરાઇ હતી. અન્ય ગો અને ઈન્ડિગોની મુંબઇના સેક્ટરની એક-એક અમે બે ફ્લાઈટો કોરોના વધતા કેસોને કારણે રદ કરી અન્ય ફ્લાઇટમાં મર્જ કરવામાં આવી હતી. વિસ્તારા એરલાઇને સ્પેશિયલ વાઇબ્રન્ટ સમિટમાં દિલ્હીના સેક્ટરની ફ્લાઇટ શરૂ કરી હતી જે પણ રદ કરાઇ છે. જ્યારે સ્પાઇસજેટની શિલિગુરી અને દિલ્હીની ફ્લાઇટ અને સ્ટાર એરની કિશનગઢ એરપોર્ટ પર ત્રણ દિવસ રન-વે નોટમ હોવાથી ફ્લાઇટ બંધ રહેશે જ્યારે બેલેગાંવની ફ્લાઇટ બેડ વેધરથી કેન્સલ કરવામાં આવતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧.૪૧ લાખથી વધુ કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૮

ભારતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧.૪૧ લાખથી વધુ કેસ નોંધાયા છે. ગઈ કાલે ૧,૧૭,૧૦૦ નવા કેસ નોંધાયા હતા. જેને જોતા ૨૧ ટકાનો તોતિંગ વધારો નોંધાયો છે. ૨૮ ડિસેમ્બરે કોરોનાના ૬,૩૫૮ કેસ નોંધાયા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧,૪૧,૯૮૬ કેસ નોંધાયા છે. એક દિવસમાં ૪૦,૮૯૫ દર્દીઓ રિકવર પણ થયા છે. આ સાથે અત્યાર સુધીમાં ૩,૪૪,૧૨,૭૪૦ દર્દીઓએ કોરોનાને માત આપવામાં સફળતા મેળવી છે. હાલ દેશમાં ૪,૭૨,૧૬૯ દર્દીઓ સારવાર હેઠળ છે. એક દિવસમાં કોરોનાથી ૨૮૫ દર્દીઓના મોત થયા છે. આ સાથે કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો હવે ૪,૮૩,૧૭૮ પર પહોંચ્યો છે. હાલ દેશમાં ડેઈલી પોઝિટિવિટી રેટ ૯.૨૮% થયો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૫૦.૦૬ કરોડ ડોઝ અપાયા છે.

કોરોનાથી એક દિવસમાં ૪૦,૮૯૫ દર્દીઓ રિકવર પણ થયા છે. આ સાથે અત્યાર સુધીમાં ૩,૪૪,૧૨,૭૪૦ દર્દીઓએ કોરોનાને માત આપવામાં સફળતા મેળવી છે. હાલ દેશમાં કોરોનાથી રિકવરી રેટ ૯૭.૩૦ થયો છે. જે સ્પીડથી કોરોનાના નવા કેસ વધી રહ્યા છે તે ચિંતાજનક છે.

## પંજાબના મુખ્યમંત્રી ચન્નીએ સરદાર પટેલનો ક્વોટ શેર કરી મોદી પર આડકતરો પ્રહાર કર્યો




ચંડીગઢ,તા.૮

પંજાબના ફિરોઝપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં થયેલી ચૂક બાદ ભાજપ અને કોંગ્રેસ આમને સામને આવી ગઈ છે. એકતરફ ભાજપના નેતા આને કાવતરું કહી રહ્યા છે, તો કોંગ્રેસ પાર્ટી આને સુરક્ષામાં થયેલી ચૂક નથી ગણી રહી. આ બધા વચ્ચે પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ આડકતરી રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કર્યો છે. તેમણે એક ટ્વીટ કરીને સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા કહેવામાં આવેલી એક વાતનો ફોટો શેર કર્યો હતો, જેમાંસ કહેવામાં આવ્યું હતુ કે, જેને કર્તવ્યથી વધુ પોતાના જીવની ચિંતા હોય તેને ભારત જેવા દેશમાં મોટી જવાબદારી ન લેવી જોઈએ. પંજાબના ફિરોઝપુરમાં રેલી કરવા માટે આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરક્ષામાં ખામીને કારણે પરત ફરવું પડ્યું હતુ. આ વાતના દેશભરમાં જબરદસ્ત પડયા હતા અને પંજાબથી માંડીને દિલ્હી સુધી રાજકારણ ગરમાયું હતુ. આ બાબતે ગૃહ મંત્રાલયે પંજાબ સરકાર પાસે જવાબ માંગ્યો છે. વાતનું વતેસર થઇ જતા પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ તાત્કાલિક રાજયના ગૃહમંત્રી સુખજિંદર રંધાવા સાથે મિટીંગ કરી હતી અને ફિરોઝપુરના એએસપીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

## ભારત-ચીન વચ્ચે કોર્પ્સ કમાન્ડર મીટિંગનો ૧૪મો રાઉન્ડ ૧૨ જાન્યુઆરીએ યોજાશે

નવીદિલ્હી,તા.૮

ભારત અને ચીન વચ્ચે કોર્પ્સ કમાન્ડર સ્તરની બેઠકનો ૧૪મો રાઉન્ડ ૧૨ જાન્યુઆરીએ યોજાવા જઈ રહ્યો છે. લગભગ ત્રણ મહિના બાદ બંને દેશો વચ્ચે આ બેઠક યોજાવા જઈ રહી છે. છેલ્લી બેઠક ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં યોજાઈ હતી. ૧૨મીએ યોજાનારી બેઠકમાં પૂર્વ લદ્દાખને અડીને આવેલા એલએસી પરના હોટ સ્પ્રિંગ અને અન્ય વિવાદિત વિસ્તારોમાં છૂટાછેડા પર વાતચીત થવાની સંભાવના છે.

જો કે આ બેઠકને લઈને ભારત અને ચીન તરફથી કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી, પરંતુ મળતી માહિતી અનુસાર, બંને દેશો ૧૨ જાન્યુઆરીએ યોજાનારી બેઠક માટે સહમત થયા છે.

આ બેઠક એવા સમયે થવા જઈ રહી છે જયારે ચીન તરફથી ગાલવાન ખીણમાં નવા વર્ષના ધ્વજ ફરકાવવા અને તેની એક ઈંચ પણ જમીન ન આપવાના અવસર પર ઘણા પ્રોપેગન્ડા વીડિયો જાહેર કરવામાં આવ્યા હતા.

જો કે, ચીનના વીડિયોનો સામનો કરવા માટે, ભારતે ગાલવાન ખીણમાં ભારતીય સેનાની નિરીક્ષણ ચોકી પર તૈનાત સૈનિકોના હાથમાં ત્રિરંગા સાથેની તસવીરો પણ જાહેર કરી. મીટિંગના ૧૪મા રાઉન્ડમાં, લેહ સ્થિત ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સના કમાન્ડર, લેફ્ટનન્ટ જનરલ અન્નાડેય સેનગુપ્તા ભારત તરફથી ભાગ લેશે. સેનગુપ્તાએ આ અઠવાડિયે જ કોર્પ્સનો ચાર્જ સંભાળ્યો હતો.

## બૂસ્ટર ડોઝ ૧૦ જાન્યુઆરીથી અપાશે વેક્સિન

નવીદિલ્હી,તા.૦૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના નબળા રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે ત્રીજી રસી તરીકે સાવચેતીના ડોઝની રજૂઆતની જાહેરાત કરી હતી. તમને જણાવી દઈએ કે, હેલ્થકેર અને ફ્રન્ટલાઈન વર્કર્સને પણ વેક્સીનનો બૂસ્ટર ડોઝ આપવામાં આવશે. જેની શરૂઆત ૧૦મી જાન્યુઆરી, સોમવારના દિવસથી કરવામાં આવશે.

બૂસ્ટર ડોઝને લઈને લોકોના મનમાં ઘણા પ્રશ્નો આવી રહ્યા હતા. આ પ્રશ્નોના જવાબમાં, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે જેમણે કોરોના રસીના બંને ડોઝ લીધા છે તેઓએ નવી નોંધણી કરવાની જરૂર રહેશે નહી. સ્વાસ્થ્ય મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આ લોકોએ તેમની રસી માટે રસીકરણ કેન્દ્રમાં જ તેમની એપોઈન્ટમેન્ટ લેવી પડશે. જો તે કોઈ કારણસર એપોઈન્ટમેન્ટ લઈ શકતો નથી, તો તે સીધો રસીકરણ કેન્દ્ર પર જઈને પણ વેક્સીન લગાવી શકે છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે હેલ્થકેર અને ફ્રન્ટલાઈન વર્કર્સ અને ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવનાર બૂસ્ટર વેક્સીનનો ડોઝ પ્રથમ બે ડોઝ જેવો જ હશે. નીતિ આયોગના સદસ્ય ડૉ. વિનોદ કે પૉલે જણાવ્યું હતું કે, જેમને કોવૅક્સિન મળ્યું છે, તેમને જ કોવૅક્સિન આપવામાં આવશે. જેમણે કોવિશિલ્ડના પ્રાથમિક બે ડોઝ મેળવ્યા છે તેમને કોવિશિલ્ડનો બૂસ્ટર ડોઝ આપવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે, રસીમાં કોઈપણ પ્રકારનું મિશ્રણ કરવામાં આવશે નહીં. દેશમાં કોરોનાના કેસમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે.

૨૦૦ દિવસ પછી ૧,૧૭,૧૦૦ નવા કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૩૦,૮૩૬ દર્દીઓ સ્વસ્થ થયા છે. આ પહેલા ગુરુવારે મોડી સાંજ સુધી દેશમાં કોરોનાના ૧,૧૬,૮૩૬ નવા કેસ નોંધાયા હતા. છેલ્લા સાત મહિનામાં આ પ્રથમ વખત હતો જ્યારે દેશમાં દૈનિક કેસ એક લાખના આંકને વટાવી ગયા છે. અગાઉ ૬ જૂન, ૨૦૨૧ના રોજ ૧,૦૧,૨૦૯ નવા કેસ નોંધાયા હતા.આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, શિડ્યુલ ૮ જાન્યુઆરીએ જાહેર કરવામાં આવશે.

આવતીકાલ સાંજથી ઓનલાઈન એપોઈન્ટમેન્ટની સુવિધા પણ શરૂ થઈ જશે. ઓનસાઇટ એપોઇન્ટમેન્ટ સાથે ૧૦મી જાન્યુઆરીથી રસીકરણ શરૂ થશે. દેશમાં કોરોના સંક્રમણના ઝડપથી વધી રહેલા કેસો વચ્ચે, આરોગ્ય કર્મચારીઓ, ફ્રન્ટ લાઇન વર્કર્સ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને બૂસ્ટર ડોઝ આપવાની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કોરોના રસીના બૂસ્ટર ડોઝ લેવા માટે કોઈ નવી નોંધણીની જરૂર રહેશે નહીં. જે લોકોએ COVID-19 રસીના બે ડોઝ મેળવ્યા છે તેઓ કોઈપણ રસીકરણ કેન્દ્રમાં સીધા જ મુલાકાત લઈ શકે છે અથવા વૉક-ઈન કરી શકે છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, શિડ્યુલ ૮ જાન્યુઆરીએ જાહેર કરવામાં આવશે. ઓનલાઈન એપોઈન્ટમેન્ટની સુવિધા પણ શરૂ થઈ જશે. ઓનસાઇટ એપોઈન્ટમેન્ટ સાથે રસીકરણ ૧૦ જાન્યુઆરીથી શરૂ થશે.

## તંત્રી સ્થાનેથી...

## વધતી કૃષિ નિકાસ



**હાલના નાણાંકીય વર્ષમાં એપ્રિલથી ઓક્ટોબર વચ્ચે ૮૭.૨૦ કરોડ ડોલરના મૂલ્યના ૩૨ લાખ ટન ઘઉંની નિકાસ થઈ છે. આ જ અવધિમાં ૨૦૨૦માં નિકાસનું સ્તર ૧૩.૫૦ કરોડ ડોલર માત્ર હતું. લગભગ ૫૪૬ ટકાનો આ ભારે વધારો એ આશા લઈને આવ્યો છે કે ભારત જલદી ઘઉંના ટોચના નિકાસકાર દેશોમાં સામેલ થઈ જશે. આપણે આ અનાજના દુનિયાના બીજા સૌથી મોટા ઉત્પાદક દેશ છીએ, પરંતુ વૈશ્વિક નિકાસમાં આપણો હિસ્સો એક ટકાથી પણ ઓછો છે. તેમાં ધીમે ધીમે વૃદ્ધિ થઈ રહી છે. વૈશ્વિક નિકાસમાં ૨૦૧૬માં ભારતની ભાગીદારી ૦.૧૪ ટકા હતી, જે ૨૦૨૦માં ૦.૫૪ ટકા થઈ ગઈ. જો આપણે કૃષિ ઉત્પાદનોના સકલ નિકાસને જોઇએ તો તસવીર ઓર ઉત્સાહજનક છે. ચોખા, કપાસ, સોયાબીન અને માંસની નિકાસમાં વધારાથી ૨૦૧૯માં ભારત આ શ્રેણીના ટોચના દસ નિકાસકાર દેશોની શ્રેણીમાં પહોંચી ગયું છે.**

**ગયા વર્ષે વિશ્વ વ્યાપાર સંગઠનના રિપોર્ટમાં રેખાંકિત કરવામાં આવ્યું હતું કે ૨૦૧૯માં વૈશ્વિક કૃષિ ઉત્પાદન નિકાસમાં ભારતનો હિસ્સો ૩.૧ ટકા રહ્યો હતો. ૧૯૯૫માં ચોખાની નિકાસમાં ૨૬ ટકા હિસ્સેદારીની સાથે ભારત બીજા સ્તરે હતું, પરંતુ ૨૦૧૯માં ૩૩ ટકા હિસ્સા સાથે આપણો દેશ ટોચ પર પહોંચી ગયો. ૨૦૨૦થી દુનિયા કોરોનાની મહામારીની ઝપટમાં છે, જેને કારણે વૈશ્વિક સ્તર પર પેદાશ અને પૂરવઠા પ્રક્રિયામાં અડચણો આવી છે. એવામાં માંગમાં વધારો પણ સ્વાભાવિક છે. આ સ્થિતિમાં ભારત ખાદ્ય અને કૃષિ ઉત્પાદનોનું એક મહત્ત્વપૂર્ણ પૂરવઠાકર્તા સાબિત થયું છે. વર્ષ ૨૦૨૦-૨૧માં આપણા કૃષિ નિકાસમાં ૧૭.૫ ટકાની ઉલ્લેખનીય વૃદ્ધિ થઈ અને તે ૪૧.૮ અબજ ડોલરના સ્તરને પાર કરી ગયું. તેમાં ફક્ત અનાજનો હિસ્સો ૧૦ અબજ ડોલર રહ્યો હતો. આ વધારો એટલા માટે પણ મહત્ત્વનો છે કે આ અવધિમાં આપણા કુલ વસ્તુ નિકાસમાં ૨૦૧૯-૨૦ની તુલનામાં ૭.૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ પ્રકારે મહામારીથી ત્રસ્ત અર્થવ્યવસ્થાને કૃષિ ક્ષેત્રે ફરી રાહત ઉપલબ્ધ કરાવી. દેશમાં અનેક પ્રાધિકરણ અને બોર્ડ કાર્યરત છે, જે કૃષિ નિકાસ વધારવાની કોશિશમાં પડ્યા છે.**

**ગત દિવસોમાં કેન્દ્ર સરકારે નિકાસ વધારવા માટે વિશેષ યોજના શરૂ કરી છે, જેમાં નિકાસની ક્ષમતા અનુસાર આર્થિક અને ટેકનિકલ પ્રોત્સાહન આપવાની જોગવાઈ છે. તેમાં ખાદ્ય પ્રસંસ્કરણને પણ સામેલ કરવામાં આવ્યું છે તથા આ ક્ષેત્ર માટે લગભગ ૧૧ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ડિસેમ્બરમાં સરકાર તરફથી જાણકારી આપવામાં આવી હતી કે તેના માટે ૬૦ પ્રસ્તાવોને મંજૂરી મળી છે. પ્રસંસ્કરણથી નિકાસ થનારી ખાદ્ય વસ્તુઓની સંખ્યા વધવાની સંભાવના છે. તેનાથી કૃષિ ક્ષેત્રને પણ લાભ થશે તથા રોજગારના અવસર પણ પેદા થશે. કૃષિને વૈજ્ઞાનિક અને ટેકનિક સહયોગ આપવા તથા ગ્રામીણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કરવાની યોજનાઓથી પણ લાભ થશે. એવામાં નિકાસ વધતી જવાની આશા રાખી શકાય.**

# રામચરીત માનસમાં વર્ણવેલ...કળિયુગનાં લક્ષણો

કળિકાળ ઘણો જ કઠિન છે તેમાં નર નારી પાપ પરાયણ(પાપોમાં મગ્ન) થઈ જાય છે.કળિયુગના પાપોએ બધા ધર્મોને ગ્રસી લીધા છે,સદગ્રંથો લુપ્ત થયા છે,દંભીઓએ પોતાની બુદ્ધિ થકી કલ્પનાઓ કરી કરીને ઘણા બધા પંથો ઉભા કરી દીધા છે.બધા લોકો મોહને વશ થયેલા છે.શુભ કર્મોને લોભે ગળી લીધા છે.કળિયુગમાં ચાર વર્ણોનો કે આશ્રમોનો ધર્મ રહેતો નથી.કળિયુગમાં ચાર વર્ણોનો કે આશ્રમોનો ધર્મ રહેતો નથી.તમામ નર નારીઓ વેદ વિરુધ્ધ આચરણોમાં રૂચી ધરાવે છે.રાજાઓ પ્રજાનું ભક્ષણ કરનારા છે અને વેદની આજ્ઞાને કોઈ માનતું નથી.લોકો જેને જે રૂચે તે માર્ગ પકડી લે છે.અત્યંત વાચાળથી જે બોલતો હોય તે પંડિત લેખાય છે.જે માણસ ખોટાં કર્મો શરૂ કરવામાં તથા દંભમાં તત્પર હોય તેને જ સર્વ લોકો સંત કહે છે.જે પર ધનનું હરણ કરી જાણે તે ચતુર ગણાય છે.જે દંભ કરે તે મોટો સદાચારી ગણાય છે,જે ખોટું બોલી જાણતો હોય તથા મશ્કરી કરી જાણતો હોય તે ગુણવાન ગણાય છે.

કળિયુગમાં જે આચાર રહિત હોય તથા વેદના માર્ગથી દૂર ગયો હોય તે જ્ઞાની તથા વૈરાગ્યવાળો કહેવાય છે.જેને પોતાના નખ તથા જટા વધારી હોય તેને તપસ્વી ગણવામાં આવે છે.જે માણસ અશુભ વેશને તથા ખોપરી વગેરે..અશુભ ભુષણોને ધારણ કરે છે તથા ભોજનમાં ભક્ષ કે અભક્ષનો વિવેક કરતો નથી તે માણસ કળિયુગમાં યોગી તથા સિધ્ધજન કહેવાઈને પૂજાય છે.કળિયુગમાં જે માણસ બીજાઓનું ખરાબ કરવાની ટેવવાળો હોય તેને મોટાઈ તેમજ માન્યતા મળે છે.જે માણસ મન વચન કર્મથી લબાડ હોવા છતાં સારું બોલી જાણતો હોય તે વક્તા કહેવાય છે.

સર્વ પુરુષો સ્ત્રીઓને વશ થઈને તેમની આસપાસ વાંદરાઓની પેઠે નાચે છે.શૂદ્ર લોકો બ્રાહ્મણોને જ્ઞાનનો ઉપદેશ આપે છે અને જનોઈ ધારણ કરી મોટાં મોટાં કુત્સિત દાન લે છે.સર્વ લોકો કામી,ક્રોધી, લોભી,દેવ વિરોધી,બ્રાહ્મણ વિરોધી,વેદ વિરોધી અને સંત વિરોધી હોય છે.અભાગણી સ્ત્રીઓ ગુણોના ઘરરૂપ અને રૂપાળા પતિનો પણ ત્યાગ કરી દઈને પર પુરૂષોને સેવે છે.સૌભાગ્યવતી સ્ત્રીઓ આભૂષણો પહેરતી નથી અને વિધવાઓ નવા નવા શણગાર સજે છે.કળિયુગમાં ગુરૂઓ અંધ જેવા હોય છે અને શિષ્યો બહેરા હોય છે,તેથી ગુરૂઓ પોતાના કે શિષ્યોના કુલક્ષણોને જોતા નથી અને શિષ્યો ગુરૂઓને ધન દેવા છતાં તેમના ઉપદેશને સ્વીકારતા કે સાંભળતા જ નથી.જે ગુરૂ શિષ્યોના ધનને હરે પણ તેના શોકને-અજ્ઞાનને હરે નહી તે ગુરૂ ઘોર નરકમાં પડે છે.મા-બાપ પોતાના બાળકોને છોડી દે છે અને પોતાની પાસે રાખે તો ભક્તિ વગેરે..કંઈ જ શિખવતાં નથી અને ફક્ત પેટ ભરાય તેવું જ શિક્ષણ આપે છે.

કળિયુગમાં તમામ નર નારીઓના મુખે બ્રહ્મજ્ઞાન વિનાની બીજી વાતો કરતાં જ નથી,પરંતુ જ્યારે ધનનો પ્રસંગ આવી પડે ત્યારે એક કોડીના ખાતર પણ લોભને વશ થઈ બ્રાહ્મણોનો તથા ગુરૂઓનો પણ ઘાત કરતાં પાછાં પડતાં નથી.શૂદ્રો બ્રાહ્મણો સાથે વિવાદમાં ઉતરી પડે છે અને કહેતા હોય છે કે:''શું અમે તમારાથી કંઈ કમ છીએ? જે બ્રહ્મને જાણે છે તે જ સાચો બ્રાહ્મણ છે'' એમ કહીને તેમને ધમકાવે છે અને આંખો દેખાડે છે. જે પારકી સ્ત્રી પ્રત્યે આસક્તિ રાખે,કપટ કરવામાં ચતુરાઈ દાખવે છે,મોહ-દ્રોહ તથા મમત્વમાં લપેટાયેલ છે તે લોકો જ અભેદવાદી(બ્રહ્મ અને જીવને એક કહેવાવાળા) જ્ઞાનીઓ કહેવાય છે.

કળિયુગના બ્રહ્મચારીઓ આમ તો પોતે ભ્રષ્ટ જ હોય છે પણ બીજાઓ સત્યના માર્ગનું પાલન કરતા હોય તેમને પણ ભ્રષ્ટ કરે છે.કુતર્કો ચલાવીને વેદવિહિન વર્ણાશ્રમ ધર્મોને દૂષિત કરનારા લોકો એક એક નરકમાં એક એક કલ્પ સુધી પડે છે.જેની આજીવિકાનાં સાધન ના હોય તેવો પણ પોતાની સ્ત્રીના મરણ પછી અથવા ઘરની સંપત્તિનો નાશ થતાં ભોજનના સુખના સ્વાદ માટે મુંડ મુંડાવી સંન્યાસી બની જાય છે. આવા સંન્યાસીઓ બ્રાહ્મણોના હાથથી પોતાના પગ પૂજાવે છે અને પોતાના હાથથી જ પોતાના આલોક અને પરલોકને ભ્રષ્ટ કરે છે.શૂદ્રો વિવિધ જપ-તપ અને વ્રત કરે છે અને ઉત્તમ આસનો પર બેસીને પુરાણોની કથા વાંચે છે.સર્વ માણસો એવા તો કલ્પિત આચારો પાળે છે કે તેમની અપાર અનીતિ વર્ણવી શકાતી નથી.કળિયુગમાં સર્વ લોકો વર્ણશંકર થઈ જાય છે.વેદોમાં વર્ણવેલી ધર્મની મર્યાદાઓનો ભંગ કરે છે, પાપો આચરે છે અને દુઃખ,ભય, રાગ,શોક તથા વિયોગના અધિકારી બને છે.કળિયુગમાં વૈરાગ્ય તથા વિવેકથી સંયુક્ત હરિ ભક્તિનો માર્ગ કે જે શ્રુતિ સંમત છે તે પ્રમાણે ના વર્તતાં મોહને વશ થયેલા લોકો અનેક પ્રકારના નવા નવા પંથ પર ચાલે છે.કળિયુગમાં સંન્યાસીઓ ઘણું ધન એકઠું કરીને ઘરને સજાવે છે, તેમનામાં વૈરાગ્ય હોતો નથી કારણ કે તે તો વિષયોથી હરાઈ ચૂક્યો હોય છે.તપસ્વી ધનવાન બન્યા અને ગૃહસ્થ બન્યા દરિદ્ર.

કુળવતી અને સતી નારીને પુરૂષ ઘરમાંથી દૂર કરે છે,ચારીત્રશીલ નારીને ત્યજીને ઘરમાં દાસીઓને વસાવે છે.પુત્રો પોતાના માતા પિતાને ત્યાં સુધી જ માને છે કે જ્યાંસુધી સ્ત્રીનું મુંખડું ના જોયું હોય, જ્યારથી સસરાનું ઘર વહાલું લાગ્યું ત્યારથી પોતાનું કુટુંબ શત્રુરૂપ થઈ જાય છે.રાજાઓ પાપાચારી થઈ ગયા,તેમનામાં ધર્મનું નામ રહેતું નથી,તેઓ પ્રજાને હંમેશાં વગર વાંકે દંડ આપીને તેમની સદાય વિડંબણા દુર્દશા કર્યા કરે છે.કળિયુગમાં ધનવાન લોકો મલીન હોવા છતાં પણ કુલિન ગણાય છે.તપસ્વીપણામાં માત્ર ઉઘાડા રહેવાનું જ બાકી રહે છે અને જેઓ વેદો તથા પુરાણોને માનતા નથી તેઓ હરિ સેવક તથા સંત કહેવાય છે.કળિયુગમાં કવિઓનાં ટોળે ટોળાં ફર્યા કરે છે પણ તેમને કોઈ ઉદાર દાતા કે કવિતા સાંભળવાવાળા મળતા નથી.ગુણીજનોની નિંદા કરનારાઓના સમૂહ હોય છે.ગુણીઓની વાતો સંભળાતી નથી એટલે કે ગુણવાના કોઈ હોતા જ નથી.વારંવાર દુષ્કાળો પડે છે તથા અન્ન વિના સૌ લોકો ભુખથી મરે છે. કળિયુગમાં કપટ,દંભ,હઠ,દ્વેષ,પાખંડ,કામ,ક્રોધ,મદ તથા લોભ..વગેરે દુષ્ટ વિકારો જગતમાં વ્યાપી રહે છે.

કળિયુગમાં લોકો જે કંઈ જપ,તપ,યજ્ઞ,વ્રત કે દાન કરે છે તે તમામ તામસી જ કરે છે.મેઘ પૃથ્વી ઉપર વરસતો નથી અને વરસે તો પણ વાવેલાં ધાન્યો બરાબર જામતાં નથી.સ્ત્રીઓ ફક્ત કેશરૂપી જ ભૂષણોવાળી અને ઝાઝી ભુખવાળી થઈ જાય છે.લોકો નિર્ધન દુઃખી તથા ઘણી આસક્તિવાળા થઈ જાય છે. સર્વ લોકો સુખની ઈચ્છા રાખે છે પરંતુ મૂઢતાના લીધે ધર્મ પર રૂચી રાખતા નથી.સર્વની બુદ્ધિ ઓછી તથા કઠોર થઈ જાય છે અને તેમનામાં કોઈપણ જાતની કોમળતા હોતી નથી.કળિયુગમાં માણસો રોગથી પિડાય છે. તેમને ભોગોનું સુખ મળતું નથી.સર્વ લોકો કારણ વગર જ અભિમાન તથા વિરોધ કરે છે.માનવ જીવનની સરેરાશ આયુષ્ય પચાસ વર્ષની થઈ જાય છે.તેમાં પણ એટલો બધો અહંકાર હોય છે કે જાણે કલ્પાંત સુધી પણ મરવાનું ના હોય..કળિયુગમાં સર્વ માણસો બેહાલ બની જાય છે.કોઈપણ માણસ પોતાની નાની બહેન કે દિકરીનો પણ વિચાર કરતા નથી.લોકોમાં સંતોષ હોતો નથી,શિતળતા હોતી નથી.જાતિ કે કુજાતિ સૌ કોઈ માંગતા જ ફરે છે.બધાં જ ભિખારી બની જાય છે.ઈર્ષા,કઠોરતા,છળ તથા લોલુપતા સર્વ લોકોમાં ભરપુર રહે છે.સમતા જતી રહે છે.તમામ લોકો વિયોગ તથા શોકથી માર્યા જાય છે.વર્ણાશ્રમ ધર્મના આચારો નષ્ટ થઈ જાય છે.ઈન્દ્રિયોનું દમન કે દાન,દયા અને સમજણ કોઈનામાં પણ રહેતાં નથી.ચારેય બાજુ જડતા તથા પ્રપંચ નજરે પડે છે.મૂર્ખતા તથા ઠગાઈ વધી જાય છે.સ્ત્રીઓ તથા પુરૂષો સૌ કોઈ પોતાનાં શરીરનાં પાલન પોષણમાં જ લાગેલાં રહે છે.જેઓ પારકાની ભરપુર નિન્દા કરવામાં લાગેલાં



રહે છે તેઓ જ ચારે બાજુ નજરે પડે છે.


કળિકાળ એ તો પાપો તથા અવગુણોનું ધામ છે,પરંતુ કળિયુગમાં એક ખાસ ગુણ વધ્યો છે કે..જેમાં વગર પરિશ્રમે પ્રભુનું ભજન કિર્તન કરવાથી જ ભવબંધનમાંથી છુટકારો મળી જાય છે.સતયુગ,ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં જે ગતિ પૂજા-યજ્ઞ અને યોગથી પ્રાપ્ત થાય છે તે ગતિ કળિયુગમાં એકમાત્ર ભગવાનનું નામ સ્મરણ કરવાથી થાય છે.સતયુગમાં સૌ યોગીઓ તથા વિજ્ઞાનીઓ જન્મે છે અને હરિ ભજન-ધ્યાન કરીને તે બધા ભવસાગર તરી જાય છે.ત્રેતાયુગમાં મનુષ્યો અનેક પ્રકારના યજ્ઞો કરે છે અને તે બધા કર્મો પ્રભુને સમર્પિત કરીને ભવસાગર તરી જાય છે.દ્વાપરયુગમાં ભગવાનના ચરણોની પૂજા કરીને મનુષ્યો ભવસાગર તરી જાય છે,પરંતુ કળિયુગમાં તો ફક્ત શ્રી હરિ પરમાત્માની ગુણગાથાઓનું ગાન કરવાથી મનુષ્યો ભવસાગર તરી જાય છે.કળિયુગમાં યોગ,યજ્ઞ કે જ્ઞાન કશું નથી.ફક્ત ભગવાના ગુણોનું કિર્તન એ જ મોટો આધાર છે માટે જે માણસો બીજા સઘળા ભરોસા છોડી દઈને ભગવાનને ભજે છે તથા પ્રેમમય થઈને ભગવાનના ગુણોને ગાય છે તેઓ સંસાર સાગરને તરી જાય છે,તેમાં શંકા નથી.નામ-સુમિરણનો પ્રતાપ કળિયુગમાં પ્રત્યક્ષ છે.કળિયુગનો એક પવિત્ર મહિમા એ પણ છે કે માનસિક પુણ્યતા મળે છે, પરંતુ માનસિક પાપ થતાં નથી.

જો મનુષ્ય સાચો વિશ્વાસ સેવે તો કળિયુગના જેવો તો બીજો યુગ જ નથી.આ યુગમાં ભગવાનના નિર્મળ ગુણોનો મહિમા ગાઈ ગાઈને મનુષ્ય કોઈપણ જાતના પરિશ્રમ વિના જ સંસારરૂપી સમુદ્ર સહેલાઈથી તરી જાય છે.ધર્મના ચાર ચરણ:સત્ય-દયા-તપ અને દાન પ્રસિધ્ધ છે કે જેમાં દાનરૂપી એક ચરણ જ કળિયુગમાં પ્રધાનરૂપે છે.કોઈપણ ઉદ્દેશથી આપવામાં આવેલ દાન કલ્યાણ કરનારૂં છે.ભગવાનની માયાથી પ્રેરિત થઈને સૌના હૃદયમાં બધાય યુગોના ધર્મો સદાય રહે છે.શુધ્ધ સત્વગુણ-સમતા-વિજ્ઞાન અને મનની પ્રસન્નતા..આ બધાં લક્ષણો સતયુગના પ્રભાવ સમાન છે.સત્વગુણ અધિક હોય,કંઈક અંશે રજોગુણ હોય, કર્મોમાં પ્રિતિ હોય,બધી રીતે સુખ મળતું હોય-એ ત્રેતાયુગનાં લક્ષણો છે.રજોગુણ વિશેષ હોય,સત્વગુણ ઘણો ઓછો હોય,કંઈક પ્રમાણમાં વિશેષ તમોગુણ હોય,મનમાં આનંદ તેમજ ભય હોય..આ દ્વાપરયુગનાં લક્ષણો છે.તમોગુણનું આધિક્ય હોય અને રજોગુણ થોડો હોય,ચારેય બાજુ વેર તથા વિરોધનું વાતાવરણ ગાજતું હોય..આ જ કળિયુગનો પ્રભાવ જાણવો.પંડિતો યુગોના આ પ્રભાવને મનમાં જાણી સમજીને અને તેથી અધર્મ છોડીને ધર્મમાં પ્રિતિ કરે છે.

ભગવાનના ચરણોમાં જેનો સદાય પ્રેમ હોય તેને કાળધર્મ (યુગધર્મ) કંઈજ અસર કરતો નથી. જાદુગર દ્વારા કરવામાં આવેલી કપટચરિત્ર(ઈન્દ્ર-જાળ) જોનારાને માટે તો મહાવિકટ(દુર્ગમ) હોય છે પરંતુ જાદુગરના સેવકને તો તેની કોઈ અસર થતી નથી.હરિની માયાએ કરેલા ગુણો અને દોષો હરિના ભજન વિના જતા નથી,એમ મનમાં વિચારી સઘળા કર્મોને છોડી દઈને ભગવાનનું ભજન કરવું એ જ ઉત્તમ છે.

સંકલનઃ
સુમિત્રાબેન ડી.પરમાર
નિરંકારી
છક્કડીયા,પોસ્ટઃઘાણીત્રા,/
તા.ગોધરા
Sumi7875@gmail.com

## ૯ જાન્યુઆરી, ''પ્રવાસી ભારતીય દિવસ''



ભારતમાં દર વર્ષે નવમી જાન્યુઆરીનાં દિવસે ''પ્રવાસી ભારતીય દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે વર્ષ ૧૯૧૫માં ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત ફર્યા હતા. આ જ દિવસને ભારતની સ્વાતંત્ર્ય લડતમાં મહાત્મા ગાંધીનાં આગમનનાં દિવસ તરીકે ગણવામાં આવે છે. તેથી આ દિવસને ''પ્રવાસી ભારતીય દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે પ્રવાસી ભારતીયો અને ભારતીય મૂળનાં લોકોનાં યોગદાનને બિરદાવવા માટે ખાસ ઉજવવામાં આવે છે.

પ્રવાસી ભારતીય દિવસ (PBD) એ વિદેશ મંત્રાલય દ્વારા યોજવામાં આવતી મુખ્ય યોજનાઓ પૈકી એક છે જે વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયો સાથે જોડાવા અને સંકળાયેલા રહેવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે. આ મંચ પ્રવાસી ભારતીયોના ભારત પ્રત્યેના વિચાર, ભાવનાની અભિવ્યક્તિ, દેશવાસિયો સાથે સકારાત્મક વાતચીત માટે ઉપલબ્ધ કરાઈ છે. તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વના તમામ દેશોમાં પ્રવાસી ભારતીયોનું નેટવર્ક બનાવવું, યુવા પેઢીને પ્રવાસીઓથી જોડવી, વિદેશમાં રહેનાર ભારતીય શ્રમજીવિયોની મુશ્કેલીઓ જાણવી અને તેને દૂર કરવી અને ભારત પ્રત્યે પ્રવાસીયોને આકર્ષિત કરવા અને રોકાણ કરવાની તકો વધારવાનો છે.

આ રીતે દેશનો સંબંધ અન્ય દેશો સાથે મજબુત બને છે અને અંતે દેશના વિકાસમાં મદદ મળે છે. જે લોકો વિદેશમાં રહીને કોઈ ન કોઈ ક્ષેત્રમાં કાર્યરત છે તે પોતાનું જ્ઞાન રાષ્ટ્ર સાથે વહેંચીને દેશના લોકોનાં અંગત વિકાસમાં મદદ મળે છે અને આ રીતે દેશનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. વિદેશમાં રહીને વિભિન્ન ક્ષેત્રોમાં કાર્ય કરતા લોકો દેશની પુંજી છે. એક રીતે તે દેશનો ગર્વ છે માટે તેમના હિત માટે, તેમના યોગદાનને બિરદાવવું જ રહ્યું.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ચુંટણી પંચની તારીખો પરિવર્તનની છે તેની શરૂઆત ૧૦ ફેબ્રુઆરીથી થઈ રહી છે : અખિલેશ

## ઉત્તરપ્રદેશના વિકાસ માટે જે કામ કર્યું છે તે ઉપલબ્ધીના આધાર પર ભાજપને એકવાર ફરી જનતાનો આર્શિવાદ મળશે : યોગી આદિત્યનાથ

નવીદિલ્હી,તા.૮

ચુંટણી પંચે આજે પાંચ રાજ્યોમાં યોજાનાર વિધાનસભા ચુંટણીની તારીખો જાહેર કરી છે. તમામ રાજ્યોમાં કુલ સાત તબક્કામાં ચુંટણી સંપન્ન થશે ઉત્તરપ્રદેશમાં ૧૦ ફેબ્રુઆરીથી લઇ સાત માર્ચ સુધી સાત તબક્કામાં જ્યારે ઉત્તરાખંડ પંજાબ અને ગોવામાં ૧૪ ફેબ્રુઆરીએ એક તબક્કામાં મતદાન થશે મણિપુરમાં ૨૭ ફેબ્રુઆરી અને ત્રણ માર્ચના રોજ બે તબક્કામાં મતદાન થશે ચમામ રાજ્યોમાં ૧૦ માર્ચે એક સાથે પરીણામ જાહેર થશે ચુંટણી પંચ દ્વારા પાંચ રાજ્યોની વિધાનસભા ચુંટણીની તારીખો જાહેર કર્યા બાદ રાજકીય પક્ષોના નેતાઓએ ચુંટણી પંચ દ્વારા જાહેર કરેલ તારીખોને આવકારી છે.

ભાજપના નેતા ગજેન્દ્ર સિંહ શેખવતે કહ્યું કે ચુંટણી પંચે તારીખો અને આ વ્યવસ્થાઓની જાહેરાત કરી તે તમામ લોકોની રાજનીતિક ચર્ચાઓ પર વિરામ લાગી ગયુ છે જે પોતાની નબળાઈઓ છુપાવવા માટે અલગ અલગ રીતની અટકળો લગાવતા હતાં કે સરકાર ચુંટણી સ્થગિત કરવા માટે કામ કરી રહી છે. જે રીતે કોરોનાના મામલાની સંખ્યા એકદમથી વધી રહ્યાં છે.ચુંટણીનો આ નિર્ણય નિશ્ચિત સ્વાગત યોગ્ય છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે ચુંટણી નિષ્પક્ષ થવી જોઇએ અને અમારી વિનંતી છે કે ચુંટણી પંચે નિષ્પક્ષતાથી કામ કરવું જોઇએ અમે ભવિષ્યમાં જોઇશું કે તે કેવું કામ કરશે અને વિરોધ પક્ષ અને સરકારની સાથે કેવો વ્યવહાર કરે છે.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ચુંટણીની તારીખો જાહેર થયા બાદ જણાવ્યું કે આ તારીખો પરિવર્તનની છે.શરૂઆત ૧૦ ફેબ્રુઆરીથી થઇ રહી છે અને ૧૦ માર્ચ સુધી પરિણામ આવશે ચુંટણી પંચ દ્વારા રાખવામાં આવેલ શરતોનું પાલન કરવામાં આવશે ૧૦ માર્ચ બાદ યુપીમાંથી ભાજપ સાફ થશે તે નક્કી છે.

કોંગ્રેસના નેતા હરીશ રાવતે કહ્યું કે ચુંટણી પંચે આજે



પાંચ રાજ્યોની ચુંટણીની તારીખો જાહેર કરી છે અમે તેની અને દિશાનિર્દેશોનું સ્વાગત કરીએ છીએ જે રીતે કોરોના તેજીથી ફેલાઇ રહ્યો છે તેને જોતા વર્ચુઅલ અને નાની સંખ્યામાં ઘેર ઘેર જઇ સંપર્ક કરવાનું અમારા બધા માટે સારૂ છે.

ચુંટણી લડનારા ૪૫ ઉમેદવારોના નામોની યાદી પર સહમતી બની ગઇ છે.અમે જોઇશું કે અન્ય રાજનીતિક પક્ષ કઇ રીતે આવી રહ્યા છે તે હિસાબથી અમે અમારી બાકીના ઉમેદવારોના નામોની યાદી જારી કરીશું

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે ઉત્તરપ્રદેશ વિધાનસભા ચુંટણીના પરિણામ ૧૦ માર્ચે જાહેર થનાર છે આ દિવસે ભાજપ ફરી બીજીવાર ભારે બહુમતિથી સરકાર બનાવવામાં સફળ રહેશે.

તેમાં કોઇ શંકા નથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગત પાંચ વર્ષો દરમિયાન ઉત્તરપ્રદેશ વિકાસ અને પરિવર્તનના માર્ગ પર ચાલ્યું છે નવા ભારતના નવા ઉત્તરપ્રદેશમાં લોકતંત્રના આ મહાપર્વનું અમે સ્વાગત કરીએ છીએ ગત પાંચ વર્ષોમાં ડબલ એન્જીનની સરકારે ઉત્તરપ્રદેશના વિકાસ માટે જે કામ કર્યું છે તે ઉપલબ્ધીના આધાર પર ભાજપને એકવાર ફરી જનતાનો આર્શિવાદ મળશે

## ૯ જાન્યુઆરી, '' ગુરુ ગોવિંદસિંહ જયંતી ''



ધાર્મિક સામાજિક ચેતનાના પુંજ, મહાન તપસ્વી, મહાન યોદ્ધા, મહાન કવિ, રાષ્ટ્રીય એકતાનો આદર્શ આપનાર, ભક્તિ અને શક્તિનો સુમેળ સાધી પ્રજામાં સ્વાભિમાન અને સ્વધર્મ સન્માન માટે મરી ફીટવાની ભાવના જગાડનાર, સર્વવંશદાની એવા શીખ ધર્મના દસમા ગુરુ ગોવિંદસિંહજીનો જન્મ દિવસ. તેમણે ભારતના પૂર્વાંચલમાં ગંગાતટે સ્થિત ઐતિહાસિક નગર પાટલીપુત્ર-પટનામાં માતા ગુજરીજી અને પિતા ગુરુ તેગબહાદુરજીને ત્યાં જન્મધારણ કર્યો અને દક્ષિણમાં નંદગિરિ-નાંદેડમાં દેહલીલા સંકેલી. ઉત્તરમાં હિમાલયની શ્રૃંખલાઓમાં આવેલ હેમકુંટથી લઈ દક્ષિણમાં ગોદાવરીના તટ સુધી તેમની જીવનયાત્રાના પ્રસંગો વણાયેલા છે. તેમની જીવનયાત્રા વાસ્તવમાં ભારતની વિવિધતામાં સમાયેલી ભાવનાત્મક એકતા, સાંસ્કૃતિક ચેતના અને રાષ્ટ્રીયતાનું પ્રતીક છે. તેમણે દેશની પ્રજાને અત્યાચારોમાંથી મુક્તિ અપાવવા માટે ઘણા પ્રયાસો કર્યા હતા જ્યારે તેમને ખાતરી થઈ કે માત્ર ભક્તિ કે બલિદાન દ્વારા ધર્મનું રક્ષણ નહીં થઈ શકે ત્યારે ભક્તિ સાથે શક્તિનો સુમેળ સાધ્યો અને એક એવી પ્રજા તૈયાર કરવાની શરુઆત કરી જે અન્યાય અને અત્યાચારનો સામનો પૂરી શૂરવીરતાથી કરે. તે એક મહાન કવિ હતા. તેમણે પંજાબી, ફારસી, અવધિ, વ્રજ જેવી ભાષાઓમાં રચના કરી છે. તેમની રચનાઓમાં જાપસાહેબ, અકાલઉસ્તતિ ચંડી દી વાર, ચૌબીસ અવતાર, વિચિત્ર નાટક, શસ્ત્ર નામ માલા જેવી અનેક રચનાઓ છે. દસમ ગ્રંથ ગુરુજી દ્વારા રચિત મહાન ગ્રંથ છે. તેમની રચનાઓમાં ઈશ્વરની સ્તુતિ છે. તેઓ કહેતા કે 'વચન કર કે પાલના' એટલે કે જો તમે કોઈને વચન આપ્યુ છે તો તેને દરેક કિંમતે નિભાવવુ જોઈએ, 'કોઈની નિંદા, ચાડી અતે ઈર્ષા ને કરના' એટલે કોઈની ચુગલી કે નિંદા કરવાથી આપણે બચવુ જોઈએ અને કોઈની ઈર્ષા કરવાને બદલે મહેનત કરવાથી ફાયદો થાય છે, 'કમ કરન વિચ દરીદાર' નહીં કરના અર્થાત કામમાં ખૂબ મહેનત કરો અને કામને લઈને બેદરકારી ન રાખો. દસમી પાતશાહી એટલે શ્રી ગુરુ ગોવિંદસિંહજી મહારાજ વિષે આજે પણ એવી માન્યતા છે કે તેઓ ક્યારેય મૃત્યુ પામ્યા જ નથી. આજે પણ તેઓ હાજરાહજુર છે. એક દિવસ એક જંગલમાં તેઓ પોતાના ઘોડા સાથે જ અલોપ થઈ ગયા અને ત્યારબાદ તેમનાં દર્શન કોઈને થયા નથી. આજે પણ લોકો તેમની પૂજા કરે છે અને તે દુનિયામાં હાજર જ છે તેવું માને છે. શીખ ધર્મમાં કલગીધર મહારાજનું ખુબ માન આપવામાં આવે છે.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO - 0037**

વિષય - વિતેલા વર્ષનું સાહિત્યનું સરવૈયું.
વિભાગ - પદ્ય.
શીર્ષક - ૨૦૨૦/૨૧ નું સરવૈયું મારી દ્રષ્ટિએ.

સમયને પગ આવે છે કે પાંખો,
વાયુ વેગે પ્રસરી જતો રહ્યો.
વર્ષ ૨૦૨૦ / ૨૧ નું આગમન,
કસોટી આકરી વિશ્વની કરી હતી
કંઇક ખાંટી- મીઠી અટપટી યાદો,
સ્મૃતિપટ પર અંકિત ચિન્હો ઘોળાયાં કરે,
આકાંક્ષાઓ આભે ઉડવાની હતી.
પણ શ્વાસો બાટલામાં રુંધાયાં કરે.
દિવાળીનાં દીપકથી થયું નવ -સર્જન,
મહામારીનું સ્વરૂપ બદલાયાં કર્યું.
પિતાની છત્ર છાયા ગુમાવ્યાનું દુ:ખ હતું,
પુત્રવધૂ આવવાનાં વધામણાં ખવાણાં ' હેમ '
સમણાં થયાં સાકાર, માન સન્માનનાં,
સ્નેહીઓ,માર્ગદર્શન મળ્યું પુસ્તક પ્રકાશિત થયું.
સમયનાં વહેણમાં કંઇક આવ્યાં ગયાં,
કેટલાં સિતારાઓ અહીં ખરી પડયાં.
કોઈ કાગળ કલમમાં કેદ થયાં,
કોઈ પ્રગતિનાં પંથે આગળ વધ્યાં

હેમલતા દિવેચા ( હેમ )

---

**NOG.SS.NO : 0002**

વિષય : સાહિત્યનું સરવૈયુ
શીર્ષકઃ જો સુદામા સ્ટાર થઈ જાય!

જો સુદામા સ્ટાર થઈ જાય!
પછી તો કોણ કૃષ્ણ ને કેવી આ દ્વારકા?
એને યાદ થોડું કરાય !
ચપટી તાંદુલના હવે ભાવ કોણ પૂછશે?
અહીં તો રોજ બિરયાની ખવાય!

ખરેખર , કિશોર સચદેવની આ કવિતામાં જ સાહિત્યનું સરવૈયુ આવી જ ગયું છે .
સાહિત્યનું સરવૈયુ એટલે જો ત્રણ શબ્દમાં કહું તો મૌલિક,રૂપાંતરિત અને ઉઠાંતરિત.
એ કવિતા હોય કે ગ્રુપ હોય ,આજે મોટાં ભાગનાં કહેવાતાં કવિઓ અને લેખકો એટલે કે ગુગલ એ આઝમ મોગલ એ આઝમ બની બેઠાં છે . એવાં કહેવાતા કવિઓની રચના જ્યારે મારી પાસે આવે છે ત્યારે પકડાય જ જાય છે ,મોટાભાગનાં કહેવાતાં લેખકોને ભાષાકીય જ્ઞાન હોતું જ નથી . અરે! એક વાક્ય પણ બરાબર લખી ન શકનારા સાહિત્યકારની આજે મોટી મોટી વેબસાઈટ બની ગઈ છે!
મને બરાબર યાદ છે ન્યુઝ ઓફ ગાંધીનગરમાં મારા સંચાલન હેઠળ દર રવિવારે ૩થીપ અમે સાહિત્યસભાનું આયોજન કરતાં જેમાં અલગ અલગ વિષય જેમ કે કવિતાનાં પ્રકાર, વાર્તા,લેખ સાથે વાક્ય રચના કેવી રીતે કરવી , જોડણીનું જ્ઞાન સાથે પ્રત્યય જે આજે પણ બધાં અલગ લખે જે કર્તા કે કર્મની જોડે વળગેલો હોય છે એને છુટ્ટો પાડીને એકલો કરી મૂકે છે.?? આ સાહિત્યસભામાં જયશ્રીબેનનો હંમેશા મને સાથ રહ્યો છે. અમે ઘણાં ગુગલે આઝમોને ગ્રુપનો દરવાજો બતાવી હાંકી કાઢ્યા છે. એમાં એમનો વાક નથી કારણ આજે ગુગલ મહારાજની કૃપા એટલી બધી વધી ગઈ છે . એને લીધે સારા અને સાચા સાહિત્યકારને એવો ડર રહે છે મારી રચનાની ઉઠાંતરી તો નહીં થાયને!
આજે સાહિત્યનાં નામ પર કહેવાતા કવિઓને કવયિત્રીઓ કે લેખકોને લેખિકાઓની હિંમતની દાદ તો દેવી જ જોઈએ કારણ નામી લેખકોની રચનાને પોતાને નામે કરતાં જરા પણ એમને વાર લાગતી નથી .આને અટકાવવા આપણે કાંઈ કરી પણ નથી શકતાં એ જ મોટો અફસોસ છે અને રહેશે! સાચો સાહિત્યકાર મૌલિકતાને જ પ્રાધાન્ય આપે તો સાહિત્યની ખરી પૂજા કહેવાય. આખાં વર્ષનું સરવૈયું કરું તો એટલું જરૂર કહીશ લોકડાઉનમાં ઘણાં જ નિવોદિતો સુંદર લખતા શીખ્યાં છે, તો ઘણાં એવાં પણ કે જો સુદામા સ્ટાર થઈ જાય! પ્રદીપભાઈના સાહિત્ય સરિતાનાં આ પ્રયત્નને સદાય સરાહવીશું.

જીજ્ઞા કપુરિયા"નિયતી"

**NOG SS NO 0109**

પ્રકારઃ-ગદ્ય
વિષયઃ-વર્ષ ૨૦૨૧ના સાહિત્યનું સરવૈયુ.

સાહિત્ય હ્દયની સંવેદનાનો નિસ્યંદીત થઈ વહેતો અમૃતનો ઝરો છે,જીવનની પ્રત્યેક ક્ષણે સ્પર્શતી ઘટના,પ્રસંગોથી ઉત્પન થતા હ્દયના વલોણાથી સર્જાતા માખણના થર જેવી છે,સાહિત્ય અનુભૂતિનો નિચાડ છે જે સંવેદનશીલ હ્દયમાં સતત નશાની માફક કામ કરે,પજવ્યા કરે ને તેમાથી ઉત્પન થયો કંપનોનો સમૂહ છે.જે માનવ માનવ વચ્ચે સેતુ બનાવે,સજાવે,કે પછી સરક્ષણનું કામ કરે.અર્થાત સાહિત્ય સ્વયંસ્ફૂર્રિત સ્ફૂર્ણાનું આંદોલિત થતું મોજુ છે.

આજ સાહિત્યના પૂજારીને અનેક પ્રકારના પ્લેટફોમ મળ્યા,ફેસબૂક,વોટસેપ,જેવા સોશિયલ મિડીયાના માધ્યમ થકી તે પોતાના વિચારો,સંવેદનાઓ,ઉચિત માનવ સમુદાય સામે રજુ કરી શકે છે.ઘણુ સર્જાતુ સાહિત્ય તેના ઉચિત વાચક સુધી પહોચી મૂલ્યને ઉજાગર કરે છે,સાચુ કહું તો સાધકો સમૃધ્ધ બન્યા છે ,આ બધા માધ્યમોથી.અનેક પ્રકારનું સાહિત્ય ધૂમ મચાવે ,પણ મિત્રો અહીં ખાસ નોધવું કે તેમાથી આપણે શું લેવુ અને શું ના લેવું એ ખૂદએ નક્કી કરવાનું છે.છતા પણ માણસ વાંચતો થયો,સમજતો થયો,ને શોધતો થયો છે.ટૂંકમા વાત કરું તો મિત્રો મારા ત્રણ કાવ્યસંગ્રહો ૧ટહુંકો ૨ શુન્યમાં સ્મશાન વચ્ચે ૩એ સખી ૪ સાચો શિક્ષક સાચો સંત છે(ચિંતાત્મક)પવર્ષ ૨૦૨૧માં "એક મુઠી બાંધી લે તું ધુળ (લઘુનવલ )પ્રકટ થઈ ચૂક્યા પુસ્તકો છે.આજ સુધીની મારી સાહિત્ય સફર છે.હું મારા સાહિત્યને કોઈના પ્રભાવતળે બાંધી શક્યો નથી એટલે નેચરલી સંવેદનાનો નિચોડ છે.

સાહિત્ય સરિતા ગ્રુપ સાથે જોડાઈને ધન્યતા અનુભવું છું,કેમકે રાવલસાહેબે મારા લેખો ને નવલકથાના અંશો ન્યુઝ ઓફ ગાંધીનગરમાં પ્રગટ કર્યા છે,સાહિત્યની વાત કરું તો લખનાર દરેક વ્યક્તિ ખૂબ સંઘર્ષ કરી,હ્દયને દમન કરી એ જન્મતા વિચારોને આકાર આપે છે,કોઈના સાહિત્ય તરફ ટીકા કરતો નથી કેમકે હું પોતે ટીકાને લાયક નથી ,આ કામ વિવેચકો,ને વાંચકોનું છે એટલું નહી તેંનો અધિકાર છે એટલે એ સંપૂર્ણ કરી શકે છે.હું અહીં માત્ર સર્જકની વાત કરી શકું ,સર્જન મૌલિક હોવું સાથે સંસારને દિશાસૂચક હોવું જોઈએ,કોઈને કોઈ અભિગમ તેમાં છુપાયેલો હોવો જોઈએ જેનાથી માનવજીવન પર અસર પડે.સર્જક સર્જન કરે તેમા પછી સાહિત્ય હોય ,સમાજ હોય ,માનવજીવન હોય કેપછી માનવસમુદાય હોય ,દરેકને કોઈને કોઈ બોધપાઠ મળવો જોઈએ તો જ સાહિત્ય સુંદર લાગે.સાહિત્ય સામે ઘણા પડકારો છે જ,પરિવર્તનશીલ જમાને સાહિત્ય તરફ અડગ રહી માનવજીવનને સંજીવની ફૂકવી જાતને અગ્નિકૂંડમાં નાખવા જેવું છે પણ દોડતા માણસને ઘડીભર રોકીને અમૃતપાન કરાવી શકે તેવા વિચારોનું સિંચન સાહિત્ય કરે ,તેવું સર્જક પાસે ગ્નાન હશે તો જરૂરથી સમાજનો વિકાસ એટલુ નહી તેની ભરપુર ઉન્નતિ થશે.સર્જકે આજ વસ્તુ કરવાની છે.રાગ ,દ્દેષથી,પર બની સાચુ,સારું,સર્વોચ્ચ અલંકૃત સાહિત્યના દર્શન સમજ,સંસારને કરાવવાનું કામ આપણે કરવાનું છે.સૌ મિત્રોને ફરી કહું સાથે મળી ચાલો સમાજને સર્વોચ્ચસ્થાન પહોચાડીએ.

આપણને ખબર છે કે કમળ કાદવમાં ખીલે,ગુલાબ કંટકમાં ખીલે,કુદરતે તમારું નિર્માણ કર્યુ હોય તો તમારા વિચારો,સંવેદનાઓ,અનુભૂતિઓ એજ રોકી શકે,માણસ તમારું માત્ર મનોબળ તોડવાના પ્રયત્નો કરશે,તોડી શકશે નહીં,કારણ તમારું સર્જન કોઈ હેતુ સાથે થયું છે,ને જ્યાં સુધી એ જગતમાં સાર્થક ના થાય ત્યાં સુધી તમારા સિધ્ધાંતો કોઈના તોડી શકે,શરુંઆત ત્યાંથી કરો જ્યાં તમે અટક્યા છે.કમ્પ્યુટર યુગમાં સાહિત્ય તરફ ઢળીને યોગ્ય ન્યાય આપવાના આપના પ્રયત્નો કાલના સમાજની દિશા ને દશા બઉં સુધારશે.

બાબુ સંગાડા....મહેક,હાલોલ,

---

**NOGSS NO. :0034**

વિષય : વીતેલાં વર્ષનું સરવૈયું
વિભાગ : ગદ્ય
શીર્ષક : વેલ બીગનીંગ ઈઝ હાફ ડન

વર્ષાન્તે સમગ્ર વર્ષનું સરવૈયું કરીને હિસાબ સરભર થતો હોય છે. પરંતુ ૨૦૨૧નાં વીતેલાં વર્ષમાં માત્ર ને માત્ર નુકસાની જ રહી. સુખદ બાબતો આંગળીનાં વેઢે ગણી શકાય એટલી જ મળી.

મારી સાહિત્યની સફર છેલ્લાં ત્રણેક વર્ષથી શરૂ થઈ છે. શરૂઆતમાં કવોટ્સ લખતી. ધીરે-ધીરે અછાંદસ રચનાઓ, ગઝલો,વાર્તા અને લેખ લખવા લાગી. એમાંય સળંગ ક્યારે નથી લખાતું. સંસારિક જવાબદારીઓને કારણે કયારેક મહિનાઓ સુધી બ્રેક પડી જાય, પરંતુ ફરી પાછી લખવા માટે હું અને મારી કલમ સજ્જ થઈ જઈએ. સાહિત્યનો પ્રસાદ તો મા સરસ્વતીની કૃપા હોય તો જ મળે છે. આમાં કંઈ આપણે ૯ ટુ ૫ ની ડ્યુટી નથી હોતી કે તમે નક્કી કરેલ સમયે લખો અને લખાઈ જાય. હું ક્યારેય સ્પેશ્યલ લખવા માટે નથી બેસતી, બસ જ્યારે મનમાં કોઈ વિચારનું સ્પાર્ક થાય એને કાગળ પર કંડારી લઉં છું. હા, પછી નિરાંતે એને મઠારી લઉં. પા-પા પગલી કરીને ચાલવાની શરૂઆત કરી છે, હજુ તો ઘણું ચાલવું છે, મંઝીલ બહુ જ દૂર છે.

NOG ગ્રૂપમાં હું મારી ફ્રેન્ડની મદદથી જોડાઈ. એ સમયે એમાં સ્પર્ધા ચાલુ હતી. મેં પણ ભાગ લીધો અને મારાં આશ્ચર્ય વચ્ચે મારી રચના પ્રથમ આવી. ખૂબ ખૂબ જ ખુશી થઈ. કહે છે ને, 'વેલ બીગનીંગ ઈઝ હાફ ડન'. ત્યારબાદ મારી ઘણી બધી રચનાઓ વિજેતા બની. આ ગ્રૂપનાં જનની જીજ્ઞાબેન અને દાદીશા પાસેથી ઘણું બધું શીખવા મળ્યું. રવિવારની પાઠશાળાની તો આતુરતાથી રાહ જોતી.

બાળક જન્મે પછી એ થોડાંક મહિના પછી બોલતાં શીખે. ધીમે-ધીમે તેની સમજણ શક્તિ વધે, તેનો શબ્દકોશ વધે અને તે એની લાગણીઓ વ્યક્ત કરે. એમ આ ગ્રૂપમાં જોડાયા પછી ઘણું માર્ગદર્શન મળતું રહ્યું અને રોજ નવું નવું શીખવા મળ્યું.

વંદનીય દાદીશા મારાં પ્રેરણામૂર્તિ છે. એમનાં માટે એટલું જ કહીશ કે," Old is Gold". આવાં મમતામયી વાત્સલ્યમૂર્તિને નમન.

હંમેશા સર્વેની સલામતી માટે મહાદેવને પ્રાર્થના કરતાં અને ગ્રૂપમાં દરેકને લખવા માટે મોટીવેટ કરતાં પ્રદીપભાઈનો ખૂબ ખૂબ આભાર. આ ગ્રૂપ એક પરિવારની ભાવનાથી ચાલે છે. ગત વર્ષમાં ઘણું શીખવા મળ્યું, નવાં વર્ષમાં પણ ઘણું બધું શીખીશું.

ટહુકોઃ-
પ્રસાદ જોઈને તું મંદિરની અંદર ન જા,
છે ઈશ્વર, રાખ શ્રદ્ધા, તું વ્હેમથી અંદર ન જા!

ડો. રેખા શાહ

---

**NOG:SS:NO.:0101**

વિષયઃ વીતેલાં વર્ષનું સરવૈયું
વિભાગઃ ગદ્ય
શીર્ષકઃ સ્નેહરંગી સંધ્યાકાળ

ચાલો, વીતેલા વર્ષને વાગોળીયે.
જીવનના આ તબ્બકે અનેક લોકેએ આર્થિક વિટંબણા અનુભવી તેવી કોઈ પરિસ્થિતિતો મુક્ત છીએ, પણ અન્યની મુશ્કેલીનો એહસાસ જરૂર અનુભવ્યો.
સમાજની સંવેદનાથી માનવી પર ન થઈ શકે. ખેર, સામાજિક ક્ષેત્રે અને સાહિત્યક ક્ષેત્રે ઉતાર ચઢાવ વ્યક્તિગત જીવનમાં થયાં.
કોરોના સમયમાં કદાચ કોઈ એક પરિવાર નહીં હોય જેણે પોતાના સ્વજન-સંબંધી મિત્રો ન ગુમાવ્યા હોઈ. હું સમાજનું એક અંગ કેવી રીતે બાકાત રહી શકું!
અંગત મિત્રો અને કુંટુંબીજનો ગુમાવ્યા , ભારે હૈયે કહેવું પડે કે કોરોના પ્રોટોકોલને અને અંતરને કારણે એક સિવાય કોઈ પણ જગ્યાએ હાજર ન થઈ શકાયું, ન મોઢું જોવા મળ્યું.
આપણાં આપણી વચ્ચેથી ચાલી જાય અને આપણે ડૂમો ભરીને ખુરશી પર બેસી રહીએ યાંત્રિક સવલતો whhats app અને ફોન સંવેદનાના વાહક બન્યા. માનવ માનવનો સ્પર્શ ગુમાવ્યો, ન રડી શક્યા ન ખભે હાથ પ્રસરાવી શક્યા.
લગ્નનું મહત્વ સમજાયું કે સાથીની સાચી જરૂર સાઈઠ -પાંસઠ વર્ષે પડે છે, આપણો હાથ ઝાલનારું , રસ્તો ક્રોસ કરાવનાર તેના સિવાય ત્યારે કોઈ નથી હોતું. દવા આપવી, કાળજી લેવી , સામ સામે બેસી વાતો કરનાર બે પ્રૌઢ આંખો એકબીજાને તાગતી રહે, સ્નેહ નિતર્યા કરે. આજ લગ્ન.
હૈયું ભારે થઈ ગયું, આનંદ તરફ પ્રવાસ કરીયે.
આખું વરસ "ઓનલાઇન" સંપર્કનું સાધન રહ્યું.. Whatts app ગૃપો , facebook, વગેરે સાહિત્ય સર્જન, વૈચારિક તંદુરસ્ત આપલેના સાધન રહ્યા.
વ્યક્તિગત નવા સંબંધો બંધાયા અને હજારો માઈલ દૂર રહેનારાઓ સાથે જીવંત સંપર્ક સધાયો. કૌટુંબિકતાનો એહસાસ થયો .
તેમાં ખાસ કરીને સાહિત્ય સંગીતનું વિશ્વ(કૌશિકભાઈ) અને NOG સાહિત્ય સરિતા (પ્રદીપભાઈ), ગૂપ દ્વારા ને સાથે સાથે બીજા અનેક જશુભાઈ વગેરેના ગ્રુપ દ્વારા ખૂબ માન સ્વમાન મળ્યા.
મારી સાહિત્યિક પ્રવૃત્તિને ખૂબ વેગ મળ્યો.
મારા અનેક લેખો કાવ્યો ને વાર્તા છપાઈ. ત્રણ વાર ઇનામો મળ્યા શ્રેષ્ઠ કૃતિના આ એ અનેક સન્માનપત્રો મળ્યા. તે પછી આ વરસમાં ત્રણ વાર કૌશિકભાઈ અને રાજુલબેનના કારણે તુલસી ખુસરો સાહિત્ય મંચ પરથી એક એક કલાક મારા ગદ્ય અને પદ્ય લેખન ને રજુઆત કરવાનો અવસર સાંપડયો.
તે ખૂબ જ યાદગાર રહ્યો તે મંચ પરથી મેં પૂર્ણ ગીતા પર પ્રવચન કર્યું, સાથે ગીતા અને કુરાનની સંગતિ. બીજા પ્રવચનમાં મહાભારતના પાત્રો અને ત્રીજા પ્રવચનમાં મારા કૃષ્ણ કાવ્યોનું પઠન ને છણાવટ કરી. ત્રણે વાર હજારો શ્રોતાઓએ તેનું મંચન કર્યું. તેમજ યોગીનિબેન, ભરતભાઇ ત્રિવેદી અને નમ્રતાબેન શોધને મારી રચનાઓનું સ્વરાંકન અને તેમના મધુર સ્વરમાં ગાયું. અને તેનું શ્રીકૌશિકભાઈ અને રાજુલબહેને સુંદર વીડિયો સંકલન કર્યું.
અનેક નવા સંબંધો બંધાયા અને જૂનાસંબંધો ફરી તાજા થયાં તે આનંદ સાથે ગયા વરસની ખટ મીઠી યાદો સાથે વિરામ લઉં છું.

લેખકઃ ભરત સાંગાણી.

---

**NOG સાહિત્ય સરિતા પરિવાર ગૃપ.**
**NOG NO. S.S. 0059.**

વિષયઃ ૨૦૨૧નું સાહિત્ય સરવૈયુ
પ્રકારઃ ગદ્ય લેખ.
શીર્ષકઃ એક યાદગાર સફર".
શબ્દોઃ ૩૪૯.

એકાદ દિવસ માટે નજીકના સ્થળે પિકનિમાં જવાનું હોયતો પણ આપણે ઘણી તૈયારીમાં લાગી જતાં હોઈએ છીએ .
'પ્યારે કારણ,આપણી પિકનિક, આનંદદાયક અને યાદગાર બને તેવું આપણે અને આપણાં સ્નેહીમિત્રો ઈરછતાં હોય ! કેમ ખરુંને ?
હું, અન્ય સામાજીક પ્રવૃત્તિઓમાં વધુ વ્યસ્ત, સમયની મર્યાદા, પાકટ ઉંમર અને થોડી આળસના કારણે, મારા શોખને અનુરૂપ, રસદાર સાહિત્ય રચનાથી ,હું દૂર થતો,સ્વયંને જોઈ રહ્યોહતો,
હા, મુંબઈના બે પેપર અને એક મેગેઝીનમાં,સમકાલીન લેખ
આપવાનાં કમીટમેન્ટ, આર્ટીકલ સમયસર આપવાનાંજ.
ગુજરાત-મુંબઈના સાહિત્ય ગૃપ,તેમાં જીજ્ઞાબેન સંચાલિત સાહિત્યિક પરિવારમાં એક દિવસ, અચાનક મને તેઓએ પાંચ ગૃપમાં સભ્ય બનાવ્યો.
મારી સાહિત્ય સફરની ગાડી પાટા પર આવી.
ભગવાન આપે છે ત્યારે, 'છપ્પર ફાડીને આપે છે' કહેવત મારા માટે યથાર્થ બની અને ફરી નવી તક NOG સાહિત્ય સરિતા પરિવારમાં પણ મારૂં જોડાણ જીજ્ઞાબેન દ્વારા થયું.
"દોડતાને ઢાળ મળે"
તેમ મારા માટે થયું, સંચાલક
શ્રી પ્રદીપભાઈ રાવલ સાથે, પૂર્વભવોના શુભકર્મે, પરિવારસમ મિત્રતાનો ઘરોબો બંધાયો, જે મારા જીવનનું એક યાદગાર સંભારણું છે.
રાવલ પરિવાર સાથે સમગ્ર એડમીન ટીમના સભ્ય ભાઈ બ્હેનો તરફથી અપાર પ્રેમ-લાગણી મને મળતાં રહે છે, જે જિંદગીની સલૂણી સંધ્યાએ, મને NOG સાહિત્ય સરિતા પરિવાર તરફથી,મારી સાહિત્ય રચના માટે,ખરેખર ઉગતાં સૂર્યની રોશની સમાન છે,
જેના માટે આપ સર્વેનો આભારી છું.
લગભગ દરેક વિષય ઉપર રચના આપી નિયમનું પાલન કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.
હા, વિડિયો ક્લિપ પણ સમયાંતરે
મોકલી આપીછે, જે મારા માટે વધુ પ્રેરણાદાયક ,ઉત્સાહવર્ધક રહ્યાં છે.
ટૂંકમાં સરવૈયું કાઢતાં, સાહિત્ય સર્જન સાથે, મને ખેલદિલ મિત્રોની ફોજ મળી છે, જે હિસાબના ચોપડે, જીવનની ફિક્સ્ડ ડીપોઝીટરૂપે જમા છે.
આ કપરા કોરોનાકાળમાં સમગ્ર વિશ્ર્વની પ્રજા,સતત ટેન્શનમાં રહી છે, તેવા સમયે દરેક નાના-મોટાં, જૂના-નવા, સાહિત્યપ્રેમીઓએ પોતાનું લક્ષ,અભિનવ સાહિત્ય સર્જન તરફ ફેરવ્યું ,અને ઉત્તમ સાહિત્યનું સર્જન થયું છે. બાકી દરેક સર્જનહાર પોતાનાં સર્જનની કિંમત સમજતો હોય છે.
હા, એટલું તો પ્રત્યેક સાહિત્ય સર્જનહારે જીવનમાં નક્કી કરવું જરૂરી છે કે,
"હું,જીવનમાં અન્ય કોઈની પણ કૃતિઓ સાથે છેડછાડ નહીં કરૂં અને કોઈની કૃતિ પોતાના નામે નહી ચડાવું."
જો,આ નિયમનુ પ્રમાણિકતાપૂર્વક પાલન થાય તો, સાહિત્યની દેવી 'મા સરસ્વતી',દરેક ઉપર જરૂર પ્રસન્ન થાય. નીતિ નિયમોનું ચુસ્ત પાલન
જીવનમાં સાચા સુખની જમારાશી સરવૈયામાં બતાવે.
જયકાન્ત ઘેલાણી 'પ્યારે

# ઈજાગ્રસ્ત પક્ષીની સાર-સંભાળ માટે આટલું જાણો

મકરસંક્રાંતિના દિવસો દરમિયાન પતંગના દોરાથી અનેક પક્ષીઓ ઈજા પામતા હોય છે. ઈજાગ્રસ્ત પક્ષીના જીવ બચાવવા પક્ષી બચાવો અભિયાનમાં ભાગ લેનારને ઉપયોગી થાય તેવી માહિતી અત્રે રજૂ કરેલ છે.

(૧) પક્ષી ખૂબ જ કોમળ અને ગભરું જીવ છે. ઈજા થયેલ પક્ષી નજરે પડે ત્યારે સૌ પ્રથમ દૂરથી પક્ષીનું થોડા સમય માટે નીરિક્ષણ કરો. પાંખ લબડવી, લોહી નીકળવું, ડોક નમી જવી, પગ ઉપર વજન ન મૂક્યું વિગેરે ચિન્હો પરથી પક્ષીની સ્થિતિનો ક્યાસ કાઢી શકાય છે. કુદરતમાં વિહરતા પશી મનુષ્યથી દૂર રહેતા હોય, માનવના સંપર્કમાં આવે ત્યારે ખૂબ જ પરેશાન થાય છે અને આઘાત અનુભવે છે. પક્ષીને થયેલ ઈજામાં વધારો ન થાય તે માટે કાળજી રાખવી જરૂરી હોય છે.

(૨) ઈજાગ્રસ્ત પક્ષીને પકડવા સમયે પકડનાર અને પક્ષીની સલામતી ખૂબજ મહત્વની છે. પક્ષીને ગમે તેવી ઈજા થયેલ હોય તો જે પણ તેની શક્તિ મુજબ પ્રતિકાર કરવા પ્રયત્ન કરે છે. પક્ષીને પોતાનો બચાવ કરવા સામાન્ય રીતે ચાંચ મારવી, પગના પંજાના નખ ભરાવા અને પાંખો ફફડાવતા હોય છે. જેથી ઈજા ન થાય તે માટે સજાગ રહો. જળચર પક્ષી અણીદાર ચાંચ દ્વારા આંખ ફોડી શકે છે. માટે તેની ડોક બરાબર પકડો. શિકારી પક્ષીને પકડવા હાથમાં મજબૂત મોજા પહેરવાથી મ્હોરની ઈજામાંથી બચી શકાય છે.

(૩) મોટાભાગના પક્ષીને સમાન રીતે પકડી શકાય છે. માથા અને શરીર પર જાડુ કપડું નાખી ઢાકી દઈને પકડો. પશીના કદ અને જાત મુજબ કપડું પાતળું કે જાડું વાપરી શકાય.

(૪) પક્ષીને ગમે તેવી ચપળતાથી અને સારી રીતે પકડવામાં આવે તો પણ આઘાત અનુભવે છે. પક્ષીને એક બે પ્રયત્નોમાં ન પકડી શકાય ત્યારે અનુભવી અને જાણતલની મદદ લો. પછી પકડવામાં જે સમય વધું લાગે તેમ પક્ષીની પરિસ્થિતિ વધુ બગડે છે. પક્ષીને પકડવા પાછળ ન દોડો.

(૫) ઈજાગ્રસ્ત પક્ષીને પકડયા પછી તળીયે કપડું પાથરેલ અને કાણાં પાડેલ પૂઠાના ખોખા કે પ્લાસ્ટીના બોક્સમાં રાખો. ખોખું કે બાસ્કેટ ખુલ્લુ ન રાખતા કપડાથી ત્રણેય બાજુએથી આવરી લો અને ઉપરના ભાગે ટુવાલથી ઢાંકી દો

(૬) ઈજાગસ્ત પક્ષી સામાન્યથી ગંભીર આઘાતમાં હોય છે. જેથી પક્ષીને શાંત અને અંધારી જગ્યામાં રાખો. પક્ષીના શરીર પર હાથ ફેરવીને કે પંપાળીને ધરપત આપવાનો પ્રયત્ન ન કરો. પક્ષીને બીનજરૂરી સ્પર્શ કરવાનો કે જોવાનો પ્રયત્ન ન કરો. આ હરકત આઘાતમાં વધારો કરે છે. બહારનો અવાજ, ધૂમ્રપાનનો ધુમાડો અને અતરની સુગંધ પક્ષી માટે યોગ્ય નથી.

(૭) ઈજાગ્રસ્ત પક્ષીની આજુબાજનું વાતાવરણ ૮૦–૯૦ ફે. ગરમ રાખવું જરૂરી છે. પક્ષીને ગરમી લાગે ત્યારે પાંખો ખોલી શરીરથી દૂર રાખે છે અને હાંફે છે. જયારે ઠંડી અનુભવે ત્યારે શરીર સંકોચીને બેસે છે. પાંજરાની બાજુ પર ૬૦–૧૦૦ વોટનો ઈલેકટ્રીક બબ ચાલુ રાખવાથી પક્ષીને તકલીફ વગર હુંફાળું વાતાવરણ પૂરું પાડી શકાય છે. બીમાર પક્ષીને રહેઠાણમાં પૂરતો ગરમાવો મળે તો શરીરનું તાપમાન જળવાઈ રહે છે. તેમજ શરીરમાં સ્ફુર્તિનો સંચાર થાય છે.

(૮) ઈજા પામેલ પક્ષીને આઘાતમાંથી બહાર લાવવું એ સૌ પ્રથમ પ્રાથમિકતા હોય છે. પક્ષીને આઘાતમાંથી બહાર આવવા ૨-૩ ક્લાકનો સમય આપો. પક્ષી ઢળી પડવું, ડોક નાખી દેવી, આંખ અર્ધ બિડેલ રાખવી, શ્વાસોશ્વાસ વધી જવા એ પક્ષી આઘાતમાં હોવાના ચિન્હો છે.

(૯) ઈજા અને આઘાતમાં સરી પડેલ પક્ષીના પરિવહન માટે સામાન્ય કાળજી લેવામાં આવે તો પણ પક્ષીને ઘણી રાહત રહે છે.

(૧૦) પક્ષીને ક્યારેય ખુલ્લુ કે હાથમાં પકડીને ન લઈ જાવ. પક્ષીને પાંજરા કે બોક્સમાં લઈ જવું જોઈએ. પૂઠાનું કાણા પાડેલ ખોખું કે પ્લાસ્ટીકનું બાસ્કેટ પક્ષીને રાખવા ઉપયોગ કરી શકાય. પાંજરાને કપડાથી ઢાંકો, જેનાથી પક્ષીને વાતાવરણ સામે રક્ષણ મળે છે. એકાંત આપે છે. દ્દષ્ટિસમિતિ રાખે છે. જેથી તણાવ ઓછો ઉદભવે છે.

(૧૧) વાહન કાળજીથી વાહન ચલાવો. એકદમ વળાંક લેવાનું ટાળો. પરીવહન દરમિયાન બિનજરૂરી ઘોઘાંટ ન કરો. ઋતુ મુજબ એસી કે હિટર ચાલુ રાખો. પક્ષી ને આરામદાયક સ્થીતમાં રાખવાથી સાજુ થવાની તક વધે છે.

(૧૨) પૂરતી જાણકારી વગર સારવાર આપવાનો પ્રયત્ન કરો. પક્ષીની સારવાર ખાસ કાળજી માંગી લે છે. ડોકટરી સારવારની સગવડ હોય ત્યાં લઈ જાવ/સોપો. પક્ષીને ઘરે રાખવાનો પ્રયત્ન ન કરો. જુદા જુદા પક્ષીની ખાસિયત, ખોરાક અને જરૂરીયાત અલગ અલગ હોય છે.

(૧૩) પક્ષીની સારવાર માટે ક્યારેય ઉતાવળ ન કરો. માત્ર લોહીનો સ્ત્રાવ બંધ કરવા પક્ષીને તત્કાલ સારવારની જરૂરી હોય છે. લોહીનો સ્ત્રાવ ચાલું હોય તો આંગળીના ટેરવાથી કે રૂ કે કપડાનું પૂમડું મુકી દબાવવાથી બંધ થઈ જાય છે. પક્ષીની લોહી ગંઠાવાની શક્તિ ખૂબજ વિશેષ હોય છે. ચામડી પરના કાપમાંથી આવતું લોહી સામાન્ય રીતે પોતાની મેળે બંધ થઈ જતું હોય છે. ભાંગી ગયેલ પીછામાંથી નીકળતું લોહી બંધ કરવા પીછાને મુળમાંથી ખેંચવું જરૂરી બને છે. પક્ષીનું હલનચલન લોહીનો સ્ત્રાવ વધારે છે. ચાંચ અને નહોર કપાવાથી લોહીનો વિશેષ સ્ત્રાવ થતો હોય છે. રૂ નું પૂમડું ૧ મિનિટ પૂરતું દબાવી રાખવાથી બંધ થઈ જાય છે.

(૧૪) બ્રાહય ઈજા ન હોય પરંતુ બેભાન હોય તેવા પક્ષીને મોટે ભાગે નીચે પટકાવા સમયે માથામાં ઈજા થયેલ હોય છે. આવા પક્ષીને એકાંતમાં, શાંત અને હુફાળા વાતાવરણમાં રાખો.

(૧૫) પક્ષીના શરીર પર વીટળાયેલ દોરાની ગુંચ ઉકેલવા કરતાં નાની કાતરથી કાપીને દૂર કરો.

(૧૬) પતંગના દોરાથી પક્ષીને સામાન્ય રીતે પગ કે પાંખ ભાંગી જવી, પાંખ કે ચાંચ કપાવી, પાંખ, જીભ કે ડોક પર કાપો પડવો એ મુખ્ય ઈજા હોય છે.

(૧૭) પતંગના દોરાથી ઈજાનો ભોગ બનનાર પક્ષીમાં કબૂતર, હોલો, પોપટ, કાગડા, કાંકણ, બગલા, ઘુવડ, સમડી, કોયલ મુખ્ય હોય છે.

(૧૮) ઈજાગ્રસ્ત પથી ખોરાક કે પાણી લેતું હોતું નથી. પક્ષીને ખોરાક કે પાણી આપવા અધીરા ન બનો. પક્ષીને ઓછામાં ઓછું હેન્ડલ કરો.

(૧૯) પક્ષી ઉડવા સક્ષમ બને ત્યારે ફરી કુદરતમાં મુક્ત કરી દો.

ડો. એન.જી. મારડીયા (વોટસઅપ નંબર - ૯૧ ૯૬૨૪૦ ૩૨૦૦૯).
માનદ સલાહકાર – શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ (એનીમલ હેલ્પલાઈન)

